થયું જે કાંઈ, થાયે જે કાંઈ, થવાનું જે કાંઈ, સઘળે રે પ્રભુ તારી લીલા સમાઈ....

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૪૯ | ૭ ઓગસ્ટ, ૨૦૨૦, શુક્રવાર; શ્રાવણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૦૩૪ |
| અમદાવાદ | ૧૫૧ |
| ગાંધીનગર | ૨૪ |

# મુંબઈમાં જળપ્રલય : ૧૨ કલાકમાં ૧૨ ઈંચ

**મુંબઈમાં ૪૬ વર્ષનો રેકોર્ડ તૂટ્યો : છેલ્લા ૧૨ કલાકમાં ૧૨ ઇંચ વરસાદ વરસતા તમામ વિસ્તારો જળબંબાકાર : રાહત અને બચાવ માટે મહારાષ્ટ્રમાં ૨૦ ટીમો તહેનાત કરવામાં આવી : વડાપ્રધાને મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે સાથે વાત કરી, સીઝનનો ૯૩ ઇંચ વરસાદ ખાબક્યો, કોલાબામાં ૧૨ કલાકમાં રેકોર્ડબ્રેક ૨૯૩.૮ મીમી વરસાદ નોંધાયો**

મુંબઈ,તા.૬

મુંબઈમાં ભારે વરસાદે ફરી એક વખત કહેર વર્તાવ્યો છે. ભારે વરસાદ અને પવનને કારણે મુંબઈની રફતાર અટકાવી દીધી છે. માયાનગરીના લોકો સંપૂર્ણ રીતે પરેશાન થઈ ગયા છે. ૧૨ કલાકમાં ૧૨ ઈંચ વરસાદ પડતા શહેરના તમામ વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. વૃક્ષો પડી ગયા છે. રેલવે સેવા ઠપ્પ થઈ ગઈ છે, હાઈવે બંધ થઈ ગયા છે, રસ્તાઓ ડુબી ગયા છે અને ઘરોમાં પાણી ઘુસી ગયા છે. કોલાબામાં ૧૨ કલાકમાં ૨૯૩.૮ મીમી વરસાદ નોંધાયો. ૪૬ વર્ષ બાદ આવો વરસાદ પડયો છે. ૧૯૭૪માં આવો નજારો જોવા મળ્યો હતો. મુંબઈમાં ૪ મહિનાનો વરસાદ બે મહિનામાં પડી ગયો છે. સરેરાશ કોલાબા અને શાંતાક્રુઝમાં સરેરાશ ૨૦૬૬ મીમી અને ૨૨૬૦ મીમી વરસાદ નોંધાયો હોય છે તેને બદલે અત્યાર સુધીમાં કોલાબામાં ૨૩૦૧.૮ મીમી અને શાંતાક્રુઝમાં ૨૩૩૮.૨ મીમી વરસાદ પડી ગયો છે. રાહત અને બચાવ માટે મહારાષ્ટ્રમાં ૨૦ ટીમો તહેનાત કરવામાં આવી છે. માત્ર મુંબઈમાં જ ૫ ટીમો કામ કરી રહી છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ લોકોને ઘરેથી ન નીકળવાની અપીલ કરી છે.







ભારે વરસાદને કારણે ચર્ચગેટ, મરીન ડ્રાઈવ, બ્રીચ કેન્ડી જેવા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. ૧૦૦ કિમીની ઝડપે ફુંકાયેલા પવને ખાનાખરાબી સર્જી છે. લોકોને ઘરોની બહાર નહિ નીકળવા તાકીદ કરાઈ છે.

કોરોના વાયરસ સામે લડી રહેલું મુંબઈ હવે નવી આફતનો સામનો કરી રહ્યું છે. મહારાષ્ટ્રમાં મુંબઈ, ઠાણે અને પાલઘર જિલ્લાઓમાં બુધવારે અતિભારે વરસાદના કારણે જનજીવનને માઠી અસર પહોંચી હતી. મુંબઈમાં સતત બે દિવસથી ભારે વરસાદના કારણે લોકોની મુશ્કેલીઓ વધી ગઈ છે. લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. બુધવારે ભારે વરસાદ સાથે ૧૦૭ કિમી પ્રતિ કલાકની ઝડપથી પવન ફૂંકાયો હતો.

મુંબઈના સાયન, ચેમ્બુર, કુર્લા, કિંગ સર્કલ, અંધેરી ઈસ્ટ, સાંતાક્રુઝ સહિતના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું હતું. ટ્રેનો પણ ટ્રેક પર ફસાઈ ગઈ હતી જેના કારણે પેસેન્જર્સ પણ ફસાઈ ગયા હતા. એનડીઆરએફની ટીમે મસ્જિદથી ભાયખલા સ્ટેશન વચ્ચે ફસાયેલા ૪૦ લોકોને બચાવ્યા હતા. ટ્રેક પર પાણી ભરાઈ ગયા હતા જેના કારણે બે ટ્રેનો ફસાઈ ગઈ હતી.

બે ટ્રેન ફસાઈ ગઈ હતી જેમાં એક સીએસટીથી કર્જત જઈ રહી હતી જેમાં ૧૫૦ જેટલા લોકો ફસાયા હતા. બીજી ટ્રેન કર્જતથી સીએસટી જઈ રહી હતી અને તે પણ ફસાઈ ગઈ હતી.

અતિ ભારે વરસાદના કારણે કોલ્હાપુર, સાંગલી, સતારા, ઠાણે, પાલઘર, મુંબઈ, નાગપુરમાં એનડીઆરએફની ટીમો તૈનાત કરવામાં આવી છે. ભારે વરસાદ અને ભારે પવનના કારણે ઘણી જગ્યાઓએ વૃક્ષો ધરાશાયી થઈ ગયા છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૯૦૬૪૫૬૦ | ૭૧૨૮૩૯ | ૧૫૨૩૪૯૭૬ |
| ભારત | ૨૦૧૬૯૮૪ | ૪૧૫૩૮ | ૧૩૭૧૨૨૫ |
| ગુજરાત | ૬૭૮૧૧ | ૨૫૮૪ | ૫૦૪૨૨ |
| ગાંધીનગર | ૧૭૩૬ | ૯૮ | ૧૨૭૬ |

# દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૦ લાખ નજીક

**છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૫૬૨૮૨ કેસ : ૯૦૪ના મોત : અત્યાર સુધી ૪૧ હજારથી વધુના મૃત્યુ**

ન્યુ દિલ્હી,તા.૬

ગુરુવાર સવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ દેશમાં કોરોના વાયરસના ૨૪ કલાકમાં ૫૬,૨૮૨ નવા કેસ નોંધાયા છે. ભારતમાં હવે સંક્રમિત લોકોની કુલ સંખ્યા ૧૯.૬૪ લાખને પાર થઈ ગઈ છે. બીજી તરફ એક જ દિવસમાં કોવિડ-૧૯ના કારણે ૯૦૪ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા હવે ૧૯,૬૪,૫૩૭એ પહોંચી ગઈ છે.

નોંધનીય છે કે, કોરોના વાયરસના ભારતમાં હવે ૫ લાખ ૯૫ હજાર ૫૦૧ એક્ટિવ કેસ છે. બીજી તરફ, ૧૩ લાખ ૨૮ હજાર ૩૩૭ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ભારતમાં અત્યાર સુધીમાં કુલ ૪૦,૬૯૯ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

બીજી તરફ, દેશમાં કોરોના સેમ્પલ ટેસ્ટિંગની સંખ્યામાં પણ સતત વધારો નોંધાઈ રહ્યો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ભારતમાં ૫ ઓગસ્ટ સુધીમાં કુલ ૨,૨૧,૪૯,૩૫૧ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬,૬૪,૯૪૯ સેમ્પલ ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

ભારતની વાત કરીએ તો મહારાષ્ટ્રમાં ૪.૫૦ લાખથી વધુ લોકો સંક્રમિત છે.



## છેલ્લે... છેલ્લે...

- દ્વારકાનું જગતમંદિર ૧૦થી ૧૪ ઓગસ્ટ સુધી બંધ રહેશે.
- વીરપુર મંદિર ૧૨ દિવસ અને ખોડલધામ ૧૬ ઑગસ્ટ સુધી બંધ રહેશે
- અમદાવાદની કુલ ૨૧૦૦ હોસ્પિટલમાંથી માત્ર ૯૧ હોસ્પિટલ પાસે ફાયર એનઓસી છે.
- ભૂતપૂર્વ લેફ. ગવર્નર જી.સી. મુર્મુની કંટ્રોલર ઓફ એકાઉન્ટન્ટ જનરલ તરીકે નિમણુંક
- જાણીતા ટીવી સીરીયલના અભિનેતા સમીર શર્માએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી.
- આજથી દેશની પ્રથમ કિસાન રેલ મહારાષ્ટ્રથી બિહાર વચ્ચે દોડશે
- સુશાંતસિંહ આત્મહત્યા કેસની તપાસ ટીમમાં ગુજરાત કેડરના આઈપીએસ અધિકારીનો દબદબો.
- બાબા રામદેવ વૈદિક સંસ્કૃતિ પર ગુરૂકુળની સ્થાપના કરશે.
- વૈષ્ણોદેવી યાત્રા ૧૬ ઑગસ્ટથી શરૂ થશે
- ન્યૂ યોર્કમાં રામ ભક્તોએ ભજન ગાઈને ઉજવણી કરી
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શુક્રવારે ૧૧ વાગ્યે નવી શિક્ષાનિતી પર સંબોધન કરશે.

# રિઝર્વ બેંક દ્વારા રેપો રેટમાં કોઈપણ ફેરફાર ન કરાયો

**નાણાંકીય નીતિ સમીક્ષાની બેઠક ત્રણ દિવસ ચાલી : છૂટક ફુગાવાનો દર નિયંત્રણમાં હોવાનો આરબીઆઈનો દાવો : છ મહિનામાં મોંઘવારી દર ઘટવાની સંભાવના**

નવી દિલ્હી, તા. ૬

રિઝર્વ બેંકની નાણાંકીય નીતિ સમીક્ષા બેઠકના અંતે રેપો રેટને લઈ કોઈ નિર્ણય લેવાયો નથી. રેપો રેટમાં કોઈ ફેરફાર નથી કરાયો તેનો મતલબ એવો કે લોકોને ઈએમઆઈ કે લોનના વ્યાજ દરો પર નવી કોઈ રાહત નહીં મળે. આરબીઆઈની આ બેઠક ત્રણ દિવસ ચાલી હતી. રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે બેઠકના પરિણામો અંગે જાણકારી આપતાં કહ્યું કે, રેપો રેટને ૪ ટકાએ જાળવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જ્યારે રિવર્સ રેપો રેટ પણ ૩.૩૫ ટકાએ સ્થિર છે. ગવર્નરે જણાવ્યું કે, ગ્લોબલ ઈકોનોમી હજુ પણ નબળી છે.

જો કે વિદેશી મુદ્રા ભંડારમાં વધારો જળવાઈ રહ્યો છે. તેમના કહેવા પ્રમાણે છૂટક ફુગાવાનો દર હજુ પણ નિયંત્રણમાં છે તથા બીજા છ મહીના દરમિયાન મોંઘવારી દર ઘટી શકે છે.

## જમ્મુ-કાશ્મીરના નવા ઉપરાજ્યપાલ તરીકે મનોજ સિન્હાની નિમણૂક

ન્યુ દિલ્હી,તા.૬

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના નેતા મનોજ સિંહા હવે જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ તરીકેની જવાબદારી સંભાળશે. ગિરીશ ચંદ્ર મુર્મૂએ બુધવારે સાંજે પોતાના ઉપરાજ્યપાલ તરીકેના પદેથી રાજીનામુ આપ્યું હતું અને આજે સવારે રાષ્ટ્રપતિ ભવન તરફથી મનોજ સિંહાની નિયુક્તિની જાહેરાત કરવામાં આવી છે.







